॥ ॐ ॥

॥ श्रीनाथगुरुर्विजयते तमाम् ॥

મેવાડા મહોદધિ મંથન

અને

કળિયુગના ચમત્કારો.

રચનાર,

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

પખાલીની પોળ, ચાર શેરી—અમદાવાદ.

સર્વે ગૃહસ્થોને વિના મૂલ્યે આપવાની ઇચ્છા મેસાતી

પ્રગટ કરનાર,

શેઠ રત્નાતિભંધુ—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ, પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૫. ખ્રીસ્તાબ્દ ૧૯૦૯.

અમદાવાદ,

[illegible] પ્રીન્ટીંગ પ્રેસ.

॥ ॐ ॥

॥ श्रीनाथगुरुर्विजयते तमाम् ॥

મેવાડા મહોદધિ મંથન

અને

કળિયુગના ચમત્કારો.

રચનાર,

મણિલાલ મગનલાલ ત્રિવેદી.

પખાલીની પોળ, ચાર શેરી—અમદાવાદ.

સર્વે ગૃહસ્થોને વિના મૂલ્યે આપવાની ઇચ્છા ધરાવી

પ્રગટ કરનાર,

એક સ્વજ્ઞાતિબંધુ-અમદાવાદ.

પ્રથમાવૃત્તિ, પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૫. ખ્રીસ્તાબ્દ ૧૯૦૯.

અમદાવાદ,

પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્કસ.

ॐ

અર્પણ પત્રિકા.

સ્વર્ગસ્થ વડીલ મગનલાલ હરગોવિંદ.

ગતાયુઃમહાત્મન્ !

આપના પુત્ર તરફથી થતાં ધરમાદાનાં કાર્યો કોઇપણ જ્ઞાતિબંધુ તરફથી અજાણ્યાં નથી. આપના પુત્રે એકલિંગી મહાદેવના દેહેરાનાં કમાડ વગેરે બનાવરાવવામાં તથા તેમને સુશોભિત કરાવરાવવામાં દ્રવ્ય ખરચી ઉદારતા બતાવી છે એ ઓછું પ્રસંશનીય નથી. આવાં ધર્મોનાં કાર્યો તેઓ કરતા છતાં સ્વધર્માચરણનું સતત સેવન કરે છે અને પ્રસંગોપાત આર્તની આતુરતા પુરી પાડે છે વગેરે ઉત્તમ ગુણો જોઇ, આ શુભ ગુણો આપના દ્વારાએજ તેમનામાં આવવાં જોઇએ એમ સુનિશ્ચય થાય છે.

આપ પવિત્ર મનવાળા હોવાથી આપના દ્વારાએ સદ્ગુણ વગેરેનો એમને વારસો મળ્યો છે તે જોઈ આપની મહત્તાનું અને પવિત્રતાનું મને ભાન થાય છે. આપ બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રી જયકૃષ્ણ મહારાજના શિષ્ય હોઇ આપે આપની જીંદગી શ્રી ઇશ્વર ભક્તિમાં કાઢેલી છે, વગેરે શુભગુણો શ્રવણ કરવાથી આ લઘુ પુસ્તક મારા હૃદયના પૂર્ણ પ્રેમથી આપને અર્પણ કરૂં છું. લી. આપનો

મણિલાલ મગનલાલ ત્રિવેદીના

પ્રણામ.

॥ ૐ ॥

મેવાડા મહોદધિ મંથન

અને

કળિયુગના ચમત્કારો.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવી રીતે મનુષ્યોનો સમુહ પ્રથમ ચાર જાતિમાં વેહેંચાયો હતો. કેટલાક સુજ્ઞ ઋષિઓનું કહેવું એવું છે કે કલ્પના આરંભમાં મનુષ્યની એકજ જાત હતી પરંતુ જેમ જેમ મનુષ્યોના હૃદયમાં સત્વગુણ, રજોગુણ, અને તમોગુણનાં કાર્યો પ્રકટાપ્રકટ રીતે પોતાનું બળ અજમાવતા ગયા તેમતેમ તેવા મનુષ્યો તેવા ગુણના પ્રાબલ્યથી તેવીતેવી જાતના છે એમ નિશ્ચય થવા માંડયો, અર્થાત્, જે મનુષ્યો જ્ઞાન, કર્મ અને ઉપાસનાએ કરી ઇશ્વરાધનમાં પ્રીતિ રાખનાર, શાંત, જિતેન્દ્રિય તથા દયાળુ હતા તે એવા ગુણોવડે બ્રાહ્મણ કહેવાયા; જે, લોકોનું સંરક્ષણ કરવામાં નિપુણ, શૂરવીર, જિતેન્દ્રિય, પરાક્રમી તથા દુષ્ટોને દંડ દેવાના સ્વભાવવાળા હતા તે ક્ષત્રિય કહેવાયા; જેઓ ક્રય વિક્રય કરવામાં કુશળ, નિત્ય વ્યાપાર કરનાર, પશુ પાળનાર તથા ખેતી કરનાર હતા તેઓ વૈશ્યો કહેવાયા અને જેઓ દ્વિજોની સેવામાં પ્રીતિવાળા, શૂરા, શાંત જિતેન્દ્રિય અને હળ, કાષ્ટ તથા તૃણને વહન કરવાનું ક્ષુદ્ર કામ કરનાર હતા તે લોકો

શૂદ્ર નામવાળા કહેવાયા. એવી રીતે ગુણોએ તથા કર્મોએ કરી જે તે જાતિને પામ્યા. આ ચાર જાતિમાંથી જેમ જેમ સમય જતો ગયો તેમતેમ અનેક પેટા વિભાગ પડ્યા, અને જૂદી જૂદી જ્ઞાતીઓના નામથી ઓળખાવા લાગ્યા. હાલમાં શોધન કરનાર મહાપુરૂષોએ એવું શોધન કરેલું જણાય છે કે બ્રાહ્મણો આશરે ૧૬૦ જાતના છે ક્ષત્રિયની આશરે ૯૯ શાખા છે અને વૈસ્યની ૯૦ છે.

જેમ જેમ બ્રાહ્મણુ વિગેરેમાં શાખાઓ વધતી ગઇ તેમ તેમ કર્તવ્યમાં પણ શિથિલતા થતી ગઇ. આગળના બ્રાહ્મણનું કર્તવ્ય અને હાલના બ્રાહ્મણનું કર્તવ્ય, આગળના ક્ષત્રિયનું કર્તવ્ય અને હાલના ક્ષત્રિયનું કર્તવ્ય, આગળના વૈસ્યોનું કર્તવ્ય અને હાલના વૈસ્યોનું કર્તવ્ય, અને આગળના શૂદ્રોનું કર્તવ્ય અને આજના શૂદ્રોનું કર્તવ્ય તપાસતાં તેમાં જે આકાશ જમીન જેટલો તફાવત માલમ પડે છે તે જોઇ કર્તવ્યારૂઢ સજ્જનોને દયા ઉપજે છે.

આવી રીતે મનુષ્યોના હૃદય બળને ઘટીકા યંત્ર જેવી સ્થિતિમાં લાવી મૂકનાર ધર્મની શિથિલતા, દ્રવ્ય, સ્ત્રી, પ્રમાદ, અને આળસ્ય છે.

આગલા વખતમાં નિવૃત્તિ પરાયણ ઋષિઓનું પોષણ તેમની યોગશક્તિના પ્રભાવે સર્વે દિશાઓમાંથી થતું હતું એટલુંજ નહીં પરંતુ તેવા સમર્થ ઋષિઓના મનમાં કોઇ પણ જાતની વિરૂદ્ધ ભાવના ઉત્પન્ન થાય નહીં માટે તે વખતના રાજાઓ અને નૃપતિઓ સર્વમાન્ય ઋષિઓને સર્વ પ્રકારે પ્રસન્ન રાખવા પ્રયત્ન કરતા હતા. આ ઋષિઓ કોઇજ નહીં પરંતુ તે બ્રાહ્મણુજ હતા જેમના પૂન્ય પ્રતાપથી આજના બ્રાહ્મણો તરફ અવર જાતિના શ્રદ્ધાળુ સજ્જનો માન ભરી દૃષ્ટિથી

જો તેમનામાં શુભ કર્મનો પ્રવાહ વેહેતો હોય તો જુએ છે. પરંતુ રાજ્યની ફેરફારીથી આજના બ્રાહ્મણોનું પરિપાલન કરનાર કોઇ રહ્યું નહીં જેથી બ્રાહ્મણોને પ્રવૃત્તિમાં પડવાની જરૂર પડી છે. હમેશાં નિયમજ છે કે દરેક દેશના માણસો અને રાજાઓ પોતાના દેશમાં ઉત્પન્ન થએલા દેશી તરફ ન્યુનાધિક અંશે પણ લાગણી ધરાવે એટલુંજ નહીં પરંતુ પોતાના દેશના રિવાજો અને શાસ્ત્રોને જેટલું માન આપે તેટલું બીજાને ન જ આપે. તેવી રીતે હાલના જમાના તરફ દૃષ્ટિ કરતાં હાલના બ્રાહ્મણો પ્રવૃત્તિમાં પડતા હોય તો તેથી તેમનો કોઇ પણ પ્રકારનો દોષ નથી, તેમ જ તેઓ સર્વાંશે ભ્રષ્ટ થયા છે એમ કહેવું તે પણ ખોટું છે. બારીક દૃષ્ટિથી તપાસતાં એમ માલમ પડે છે કે પોતાના શુદ્ધ ધર્મોથી જેવા ક્ષત્રિય, વૈશ્યો અને શૂદ્રો પતન થયા છે તેના અડધા ભાગના પણ બ્રાહ્મણો પતન થયા નથી. ત્રિકાળ સંધ્યા,[1] શમદમાદિ સાધનો અને પરમાત્મા પ્રત્યે અનન્ય પ્રેમ આ દરેક દ્વિજમાં શાસ્ત્રિય રીતે હોવાં જોઇએ; તેમાંથી કંઇક સાધનો સ્થૂલ દૃષ્ટિવાળા બ્રાહ્મણોમાં જોવામાં આવે છે, કેટલાંક વધારે તેથી સારૂં જ્ઞાન ધરાવનાર બ્રાહ્મણોમાં જોવામાં આવે છે અને તેના કરતાં વધારે પ્રમાણમાં જેમનું અત્યંત શ્રેય થવાનું છે એવા

---

૧ "संध्यास्नानं जपो होमः स्वाध्यायो देवतार्चनम् ।
वैश्वदेवातिथेयश्च, षट्कर्माणि दिने दिने ॥"

श्रीपराशर ॥

ભાવાર્થ:—સ્નાન, જપસહીત સંધ્યા, હોમ, સ્વાધ્યાય, દેવતાની પૂજા તથા વૈશ્વદેવ અને અતિથિનો સત્કાર એ છ કર્મો પ્રત્યેક દ્વિજે (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યે) પ્રતિ દિવસ કરવાં.

[1]બ્રાહ્મણોત્તમમાં જોવામાં આવે છે એટલે એમ તો સિદ્ધ થાય છે કે બીજી જ્ઞાતીવાળા કહે છે તેમ બ્રાહ્મણો સર્વાંશે પતન થયા નથી.

પરંતુ આગળના [2]ક્ષત્રિય, [3]વૈશ્ય અને [4]શૂદ્રોના ધર્મો તપાસતાં

---

१ "शमोदमस्तपः शौचं, क्षान्तिरार्जवमेवच ।
ज्ञानं विज्ञान मास्तिक्यं, ब्रह्मकर्म स्वभावजम् ॥"
श्रीमद्भगवद्गीता ॥

મનોનિગ્રહ, ઇંદ્રિયનિગ્રહ, મનવાણીને શરીરની યોગ્ય પ્રવૃત્તિ કરાવવા રૂપ તપ, જલાદિવડે શરીરની પવિત્રતા રાખવા રૂપ શૌચ, ક્ષમા, આર્જવ, પરોક્ષજ્ઞાન, અપરોક્ષાનુભવ અને સાત્વિકી શ્રદ્ધા તેના સત્વ ગુણના સ્વભાવથી થતાં બ્રાહ્મણનાં કર્મ છે.

२ "शौर्यं तेजो धृतिर्दाक्ष्यं, युद्धे चाप्य पलायनम् ।
दानमीश्वर भावश्च, क्षात्रं कर्म स्वभावजम् ॥"
श्रीमद्भगवद्गीता ॥

ભાવાર્થઃ—અત્યંત બળવાન પ્રાણીને પણ પ્રહાર કરવામાં પ્રવૃત્તિ, શત્રુઓથી અપરાભવપણું, વિપત્તિમાં પણ દેહ તથા ઇંદ્રિયોને વ્યાકુળ ન થવા દેવાં, અકસ્માત આવી પડેલા કાર્યમાં ભ્રાંતિ રહિત પ્રવૃત્તિ કરવાનું મનોબળ, શસ્ત્રોનો પ્રહાર થયા છતાં પણ રણમાંથી પાછું ન હઠવું, સંકોચથી રહીત થઈ સુપાત્રેદ્રવ્યાદિ આપવું ને પ્રજાનું પાલન કરવામાં પોતાની પ્રભુશક્તિ પ્રકટ કરવી, તે રજોગુણ પ્રધાન તથા સત્વગુણ ગૌણ એવા સ્વભાવથી થએલાં ક્ષત્રિયનાં કર્મો છે.

"लोक संरक्षणे दक्षः, शूरोदान्तः पराक्रमी ।
दुष्ट निग्रहशीलो यः, स वै क्षत्रिय उच्यते ॥"

ભાવાર્થઃ—જે પ્રજાનું સારી રીતે રક્ષણ કરવામાં ચતુર, શૂરવીર, જિતેંદ્રિય, પરાક્રમ, તેજસ્વી, તથા દુષ્ટોને દંડ દેવાના સ્વભાવવાળો હોય તેજ ક્ષત્રિય કહેવાય છે.

તે લોકો બ્રાહ્મણોના કરતાં વધારે પતન થયા છે એમ તે લોકો સમજે છે પરંતુ પ્રવૃત્તિ માર્ગના સેવનથી, પ્રમાદના જબરા ધક્કાથી, અભય નામના યોદ્ધાની સાથે મજબુત વેર બાંધવાથી, અને આળસ્યના ફંદમાં ફસાએલા હોવાથી તેઓને ખબર પડતી નથી કે અમારા શાશા ધર્મો છે અને તે ધર્મોમાંથી કેટલા કેટલા ધર્મો અમારાથી પળાય છે.

ટુંકાણુમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈસ્ય અને શુદ્ર એ ચારે જાત ન્યુનાધિક અંશે પતન થાય છે એમ અનુભવ કરાય છે, તેમાં બ્રાહ્મણો બીજી જાત કરતાં ઓછા પતન થાય છે. પરંતુ તેથી કરીને બ્રાહ્મણોએ એમ સમજવાનું નથી કે અમે કંઇક કરીએ છીએ તે ઘણુંજ છે.

બ્રાહ્મણને પોતાનું બ્રહ્મત્વ જાળવવા ઘણુંજ કરવાનું છે. નોકરી કરીને, વેપાર કરીને, ખેતી કરીને કે બીજી રીતનું દાસત્વ કરીને બેશી

---

૩. "**कृषि गोरक्षवाणिज्यं वैश्य कर्म स्वभावजम् ॥**"

॥ श्रीमद्‌भगवद्‌गीता ॥

ભાવાર્થઃ—ખેડ, પશુપાલન, ને વ્યાપાર એ વૈશ્યોનું રજોગુણ પ્રધાન ને તમોગુણ ગૌણ એવા સ્વભાવથી ઉપજેલું કર્મ છે.

"**क्रय विक्रय कुशला ये नित्यं पण्य जीविनः ।**
पशु रक्षाः कृषि करास्ते वैश्या कीर्तिता भुवि ॥"

ભાવાર્થઃ—જેઓ ક્રય વિક્રયમાં કુશળ, નિત્ય વ્યાપાર કરનાર, પશુઓનું પરિપાલન કરનાર, તથા ખેતી કરનારા હોય તેઓને પૃથ્વીમાં વૈશ્યો કહેલા છે.

૪. "**परिचर्यात्मकंकर्मऽशूद्रस्यापि स्वभावजम् ॥**"

॥ श्रीमद्‌भगवद्‌गीता ॥

ભાવાર્થઃ—શુદ્રનું ત્રિવર્ણની સેવા કરવા રૂપ તમોગુણવાળું સ્વભાવથી ઉપજેલું કર્યું છે.

રહેવાનું નથી પરંતુ લૌકીક વ્યવહાર કરતાં જે સમય મળે તેનો સદુપયોગ કરવાનો છે. સર્વ વર્ણોના ગુરૂ બ્રાહ્મણ છે એમ શ્રુતી ભગવતિ ડિંડિં વગાડીને કહે છે અને આ આજ્ઞા શિરોધાર્ય સમજી ભાવિક મનુષ્યો બ્રાહ્મણને ગુરૂ તરીખે ગણે છે પણ ખરા, તો બ્રાહ્મણ બંધુઓએ પણ પોતાનો ગુરૂ તરીખેનો દાવો જાળવી રાખવા પોતાનામાં રહેલા દોષોને દૂર કરી શુભ ગુણો સંપાદન કરવા જોઇએ.

આ અવનિમાં એવું કોઇપણ દુર્ઘટ કાર્ય નથી કે જે બ્રાહ્મણથી નજ થઇ શકે. બ્રાહ્મણો દરેક કાર્ય કરવા શક્તિમાન છે. પરંતુ જો બ્રાહ્મણોની શાસ્ત્રો ઉપર શ્રદ્ધા ન હોય તો તેઓનાથી કોઇ સુલભ કાર્ય પણ બરોબર થવાનું નથી. ભલે તમે નોકરી કરતા હો, વેપાર કરતા હો અથવા તો રસોઇનો ધંધો કરતા હો તો પણ જો તે ધંધાઓ તમારે દિવસના વખતમાં જ કરવાના હોય તો તમે નિઃસંશય રીતે ચિત્તનો અધિકાર આગળ વધારી શકો તેમ છો. તમારી નોકરી સવારના ૧૦ થી ૬ સુધીની હોય અને રવીવારે તેમજ બીજા તહેવારના દિવસોએ રજા મળતી હોય તો તમારાથી ધાર્મીક કાર્ય કરવું હોય એટલું થઇ શકે એમ છે. તમે સવારે ચાર વાગે ઉઠવાનો નિયમ રાખો, ત્યાર પછી શૌચ સ્નાનાદિથી પરવારી સવારમાં છ વાગતાં પ્રાતઃસન્ધ્યા કરી ૬ થી ૯ સુધી મનને વશ કરવાની અને હૃદયને બળવાન બનાવવાની ક્રિયામાં જોડાઓ તો તમને તે વખતે મુશ્કેટાટ બાંધીને કોણ મારે એમ છે! સાંજે છ વાગે નોકરી ઉપરથી આવી સાત વાગ્યા સુધીમાં સાયંસંધ્યાથી નિવૃત્ત થઇ બે કલાક પ્રભુના ધ્યાનમાં ગાળી હૃદયને પોષણ કરનાર સદ્ગ્રંથનું અધ્યયન કરો તો થઇ શકે એમ છે.

વેપાર કરનાર પણ ઉપલા ધોરણે ચાલે તો ચાલી શકાય એમ છે.

રસોઈ કરનાર બંધુઓમાંથી કેટલાક નાહ્યા વગર યજમાનની રાહ જોવા નક્કી કરેલે સ્થળે સવારે સાત વાગ્યાથી બેઠા બેઠા બગાસાં ખાય છે અને રસોઇ કરવાની નથી મળતી તો ખીન્ન હૃદયે ઘેર જાય છે, અને બાર વાગે નાહીને ઘેર ખાવાનું કરીને ખાય છે. પરંતુ રસોઇનો ધંધો કરનારા જો ખરા અંતઃકરણથી પોતાનો ધર્મ પાળવાની ઇચ્છા કરે તો તેમની તેવી ઇચ્છા વિશ્વંભર પ્રભુ પૂરી કરે એમ છે. તેઓ સવારે પાંચ વાગે ઉઠી નાહી ધોઇને પોતાના વેદની સંધ્યા કરે અને તેમના ગુરૂએ ઉન્નતિનો માર્ગ બતાવ્યો હોય તે પ્રમાણે પોતાની શક્તિ પ્રમાણે ચાલે તો તેમનાથી સાંજ સવાર બન્ને વખત ધર્મ કાર્ય* બની શકે એમ છે. પરંતુ આળસ્ય અને પ્રમાદ એ બન્ને જીવના એવા કટ્ટા દુષ્મન છે કે જીવનું અહિત કરનારાં જે સાધનો છે તેમાં તેમની શીઘ્ર પ્રવૃત્તિ કરાવરાવે છે અને જીવનું હિત કરનારાં સાધનો છે તેમના તરફ દૃષ્ટિ પણ કરવા દેતા નથી. આથી કરીને બ્રાહ્મણે ખરો ધર્મ શો પાળવાનો છે તે હૃદયમાંથી પાણીના રેલાની માફક ખશી જાય છે અને તેને બદલે બીજા નવાજ તરંગો એવા અશ્રધાળુ મનુષ્યોના મનમાં ભૂતની પેઠે ભરાઇ જાય છે જેથી કરી એવા મિથ્યા તરંગના પ્રવાહમાં બીચારા તૃષ્ણાવાળા પામર મનુષ્યો તણાયાજ કરે છે. નોકરી કરનારમાંથી કેટલાક મગજમાં એમ ઠસાવી બેઠા છે કે અમે નોકર થયા એટલે સાતે લોકના અધિષ્ઠાતા થયા; અમને હવે કોની પરવા છે; ખાધું પીધું અને મોજ શોખ કર્યો તે આપણા બા-

---

* **"गण्यन्ते पांसवो भूमे गण्यन्ते वृष्टिबिन्दवः ।**
न गण्यते विधात्राऽपि धर्म संरक्षणे फलम् ॥"

ભાવાર્થઃ—ભૂમીપરની ધૂળનાં રજકણો ગણી શકાય છે, વૃષ્ટિનાં બિંદુઓ પણ યોગ્ય ઉપાયથી ગણી શકાય છે, પણ સ્વધર્મનું સંરક્ષણ કરવામાં જે અપાર ફળ છે, તે વિધાતાથી પણ ગણી શકાતું નથી.

પનો; સંધ્યા એ શી? પૂજા એ શી? અને વળી ધર્મ એશો? આ બધું ધતીંગ છે. ઠીક છે! એ બધાં પેટ ભરવાનાં ફાંફાં છે. સ્ત્રી પૂત્રોને ખૂબ ખૂશી રાખોને એટલે થયું. પાસે પૈશો હશે તો દરેક મનુષ્ય આપણને બોલાવતા આવશે. કંઇ ધર્મ પાળવાથી માન મળતું નથી તેમજ પ્રભુ પણ મળતા નથી.

વેપાર અને રસોઇનો ધંધો કરનારા પણ આવીજ બુમો પાડતા હોય તો તેમની આવી પ્રવૃત્તિ દયા ખાવા યોગ્ય છે.

ખરેખર! જ્યારે બ્રાહ્મણોના મુખમાંથી આવા ઉચ્ચાર નીકળે અને પોતપોતાના વર્ણાશ્રમના ધર્મો ન પળાય ત્યારે વર્ણાશ્રમના ધર્મો પાળવાથી મળતા હૃદયબળનો તેમને લાભ પણ ક્યાંથી મળે?

અગસ્ત ઋષિનું સમુદ્રપાન, હનુમાનજીનું તેમજ શ્રી નારદ ઋષિનું આકાશ ગમન, અને અનસૂયાનું ગંગાને બોલાવવાનું બળ ફક્ત પોતપોતાના વર્ણાશ્રમના ધર્મોના પરિપાલનથીજ મળ્યું હતું. પોતાના વર્ણાશ્રમના ધર્મોનું પરિપાલન કર્યા શિવાય એકલા રામનામથી પણ જોઇએ તેટલી હૃદયમાં શાંતિ થતી નથી. તમે ઘણીજ બારીકીથી આખી રામાયણ વાંચશો તો તમને એમજ જણાશે કે રામનામના મંત્રની સાથે વર્ણાશ્રમના ધર્મો પાળવાની ખાસ જરૂર છે. તમે બ્રાહ્મણ હોય પરંતુ બ્રાહ્મણને પાળવાના ધર્મોથી વિમુખ થયા હોય તો તમારૂં હૃદય શૂદ્રના કરતાં ખરાબ સ્થિતિમાં આવી જાય છે એટલે ભલે તમે બીજાના દેખાદેખી રામનામના* તાબોટા પાડયા કરો પરંતુ તે રામનામ શબ્દ ફક્ત ત-

---

* "नान्यो विमुक्तये पंथा, मुकत्वा कर्मविधिं स्वकम् ।
तस्मात्कर्माणि कुर्वीत, प्रीतये परमेष्ठिन: ॥"

પોતાના વર્ણાશ્રમના કર્મના વિધિનો ત્યાગ કરીને મોક્ષને માટે અન્ય ઉપાય નથી, માટે પ્રત્યેક દ્વિજ શ્રીમહેશ્વરની પ્રીતિને માટે પોતાના વર્ણાશ્રમનાં કર્મો કરે.

મારા કાનમાંજ રહેશે, હૃદયના ઉંડા ભાગમાં કોઇ પણ કાળે જવાના નથી. આવી રીતે અન્ય જાતિવાળાએ પણ સમજવાનું છે.

હવે મેવાડા મહોદધિ મંથન કરવામાં પ્રવૃત્તિ કરાય છે.

ઉપર જે બ્રાહ્મણ જાતની સંખ્યા ગણાવી તેમાં મેવાડા એપણ એક જાતના બ્રાહ્મણ છે અને તેમાં તરવાડી મેવાડા બ્રાહ્મણ ઠીક ગણાય છે. આ મંથન પણ તરવાડી મેવાડા માટે જ કરાય છે એટલે મંથનમાં જે જે હકીકત આવશે તે ફક્ત તરવાડી મેવાડા બ્રાહ્મણ માટેજ આવશે, પરંતુ તેમાંથી બીજા લોકોને તેનો સાર લે તો લઇ શકાશે.

જેમ બીજી જ્ઞાતિઓવાળા પોતાની જ્ઞાતિનું હિત કરવા જ્ઞાતિની સભાઓ કરી રહ્યા છે તેમ જ્ઞાતિનું હિત કરવા તરવાડી મેવાડા બ્રાહ્મણમાંથી કેટલાકે "મેવાડા યુવક સભા" આશરે પાંચેક વર્ષથી સ્થાપી છે. આ યુવક સભાથી મેવાડાની અલ્પ સમયમાં ઉન્નતિ થશે નહિ એવી દયા ખાઇ આ વર્ષમાં " મેવાડા મીત્રમંડળ સ્થપાયું છે " જે શ્રવણ કરવાથી આ લખનારના કાન પવિત્ર થયા છે એટલુંજ નહિ પરંતુ આ બંન્ને સભાઓને આ લખનાર હૃદયના પૂર્ણ પ્રેમથી ધન્યવાદ આપે છે.

સભાઓ સ્થાપતા પહેલાં સભા સ્થાપનાર અગ્રેસરોની મુખ્ય ફરજ એ છે કે શા આશયને લઇને તેઓ સભા સ્થાપે છે તે નક્કી કરવું જોઇએ, અને તેવા આશયો નક્કી કર્યાં પછી તે એક પછી એક પળાય એમ ઘણામાં ઘણી સાવધાનતા રાખવી જોઇએ. પોતે જે વિષયને લોકોમાં ફેલાવવાને અને તેને અમલમાં લાવવાને મૂકવા ઇચ્છતા હોય તે વિષયનું સભાઓના સેક્રેટરીઓને અને પ્રમુખોને બરોબર જ્ઞાન

હોવું જોઇએ, અને તે તે વિષયના કાયદા સ્વધર્માચરણથી પોતે પાળીને બીજાને પળાવવા વિચાર કરવો જોઇએ.

સભાઓ સો વર્ષ સુધી ભરાય પરંતુ તેમાંથી કોઇ પણ જાતનું દેશને ઉન્નતિ કરવાનું કે ધર્મ સંરક્ષણનું તાત્પર્ય નીકળે નહીં તો તેવી સભાઓ ભરવાથી કાળનો ક્ષય કરવા શિવાય બીજો ફાયદો થવા સંભવ નથી. માટે બન્ને સભાઓના સેક્રેટરીઓ અને પ્રમુખોને પ્રથમ એજ સલાહ આપવાની છે કે તે સભાઓ શા ઉદ્દેશને લઇને ભેગી કરાય છે તે નક્કી કરવું, અને ત્યારપછી તે નક્કી કરેલો ઉદ્દેશ ફળીભૂત કરવા પ્રયત્ન કરવો.

સભાઓ અને જ્ઞાતિના હિતને માટે નીચે લખેલી હકીકત ધ્યાનમાં લેવાય તો સભાના મેંમ્બરોને તેમજ જ્ઞાતિબંધુઓ ઉભયને ફાયદો થવા સંભવ છે એમ સમજી નીચેની હકીકત ટુંકાણમાં લખાય છે.

સભા સ્થાપનારાઓએ પ્રથમ એવું બંધારણ બાંધવું જોઇએ કે આ સભા સ્થપાયા પછી પોતાનામાં રહેલા દુર્ગુણો ત્યજવા કયા વિદ્વાનોનો તેમજ સત્‌શાસ્ત્રોનો આધાર લેવો ! કારણ કે પોતે સુધર્યા પછી બીજાને સુધારાય તો સભાનું કામ નિર્વિઘ્ને આગળ ચાલે છે.

બીજું, જ્ઞાતિમાં વિદ્યાવૃદ્ધિ થાય તેને માટે શા ઉપાય લેવા ?

ત્રીજું, જ્ઞાતિમાં અયોગ્ય ધારાઓ છે એમ નક્કી થતું હોય તો તે કેવી રીતે નિર્મૂળ થાય એમ જ્ઞાતિના મુખ્ય માણસોની સાથે મળી તેવા અયોગ્ય ધારાઓને દૂર કરવા પ્રયત્ન કરવો જોઇએ. પરંતુ જ્ઞાતિના માણસોનાં મન આવા પ્રયત્નથી કે તેના કરતાં વધારે ઉતાવળીઆ પ્રયત્નથી દૂભાય એમ નંજ કરવું જોઇએ.

ચોથું, સ્ત્રી કેળવણી વિષે વિચાર કરવો જોઇએ.

આવી રીતે સભાઓના સેક્રેટરીઓએ તેમજ પ્રમુખોએ ઉપલી ચાર બાબતો લક્ષ્યમાં રાખવી જોઇએ. તેમાં જે પ્રથમ બાબત પોતા-

નામાં રહેલા દુર્ગુણો ત્યજવા કયા વિદ્વાનનો તેમજ સતશાસ્ત્રનો આધાર લેવો એમ બતાવેલું છે તે ઉપરથી મનમાં એમ સમજવાનું નથી કે અમારામાં કોઇ પણ જાતની ન્યૂનતા નથી કે અમે બીજાનો આશ્રય ગ્રહણ કરીએ ? પરંતુ પ્રિયબંધુઓ ! આપણામાં સેંકડો દુર્ગુણો અને દોષો ભરેલા છે કે જે મોટા પર્વત જેવડા છે પરંતુ તે આપણાથી જોઈ શકાતા નથી અને બીજાઓના દુર્ગુણો એક રાઇના દાણા જેટલા છે તે આપણને પર્વત જેવડા લાગે છે. માટેજ પોતાનામાં રહેલા શા શા દોષો છે તે તપાસવા અને તેમને વીણી વીણીને કાઢવાનો પ્રયત્ન કરવો.

પ્રથમ તો આપણામાં પ્રમાદ નામનો મોટો દોષ એજ છે કે શ્રુતિ ભગવતિ અને વેદની તેમજ શ્રી ઇશ્વરની આજ્ઞાઓનું આપણાથી પરિપાલન થતું નથી તે ઉપરથી એમ માલમ પડે છે કે તેમના વચન ઉપર આપણને વિશ્વાસ નથી, તેનું કારણ એટલુંજ છે કે આપણામાં સંશયે મૂળ ઘાલ્યું છે અને શ્રી કૃષ્ણ પરમાત્માએ કહ્યું છે તેમ સંશયી બનવાથી આપણે પતન થતા જઇએ છીએ. શ્રુતિ ભગવતિ ડિંડિં વગાડીને બોધે છે કે હે મનુષ્યો તમે તમારા વર્ણાશ્રમના ધર્મ પાળો અને આત્મ સ્વરૂપમાં જાગો.

આત્મ સ્વરૂપમાં જાગ્રત થવું હોય તો શ્રેષ્ટ એવા આચાર્યને શરણે જાઓ.[1] હાલમાં દ્વિજમાંથી મોટે ભાગે સંધ્યાદિ છ કર્મોનો

---

૧ 'उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।
क्षुरस्य धारा निशिता दुरत्यया
दुर्गं पथस्तत्कवयो वदन्ति ॥" श्रुति ॥

ઉઠો, જાગો, શ્રેષ્ઠ એવા આચાર્યની સમીપ જઇને આત્મતત્ત્વને જાણો. જેમ ક્ષુરની (અસ્ત્રાની) તીક્ષ્ણ કરેલી ધારા દુઃખથી તેની ઉપર ચલાય એવી હોય છે, તેમ બુદ્ધિમાનો આત્મતત્ત્વના માર્ગને દુર્ગમ કહે છે

લોપ થએલો જોવામાં આવે છે તો તેઓનામાં આત્મ સ્વરૂપનું જ્ઞાન છે કે નહીં એ પણ વિચારવા જેવું છે, કારણ કે જે દ્વિજ સંધ્યાદિ નિત્ય કર્મ કરતો નથી તે પાપરૂપ દોષને પામે છે,[1] એટલે તે અ-વિવેકી અને શુષ્ક હૃદયનો વાચાળ બનતો જાય છે જેથી કરી નાસ્તિ-કના સહોદરનો ઇલકાબ તેની મરજી નહીં છતાં લેવાની જરૂર પડે છે.[2]

હવે વિચારો કે આ મોટામાં મોટો દુર્ગુણ જો આપણે સંધ્યાદિ નિત્યકર્મ ન કરતા હોઇએ તો આપણામાં છે કે નહિ? જો તમારા માંથી કોઇ એમ જવાબ આપશે કે અમે વેદને તેમજ શ્રુતિને મા-નતા નથી તો તમને વિશેષ કહેવું તે રૂચિકર લાગતું નથી, અને એમ કહેશો કે વેદ તથા શ્રુતિની આજ્ઞાઓ અમને સર્વ માન્ય છે તો આ પ્રથમની આજ્ઞા નહિ પાળવાનું કારણ શું?

બંધુઓ! માણસના મરી ગયા પછી જ્યારે મનુષ્યો તેને અ-ગ્નિસંસ્કાર કરે છે ત્યારે કોઇ તેની સાથે તેનું રક્ષણ કરવા જતું નથી

---

૧ "अकृत्वा वैदिकंनित्यं प्रत्यवायी भवेन्नरः" ॥ श्रुति ॥

ભાવાર્થઃ—વેદ પ્રતિવાદિત સંધ્યા વંદનાદિક નિત્ય કર્મ નહિ કરીને દ્વિજ પાપ રૂપ દોષને પામે છે.

૨ "नतिष्ठति तुयःपूर्वां नोपास्ते यश्च पश्चिमाम् ।
सशूद्रवद्बहिष्कार्यः सर्व स्मात् द्विज कर्मणः ॥

॥ મનુસ્મૃતિ. ॥

ભાવાર્થઃ—જે દ્વિજ ઉભો રહીને પ્રાતઃકાળની સંધ્યાનું ઉપાસન કરતો નથી, અને જે બેસીને સાયં સંધ્યાનું ઉપાસન કરતો નથી, તે સર્વ દ્વિજ કર્મોમાંથી શુદ્રની પેઠે બહાર કાઢવા યોગ્ય છે.

પરંતુ એકલો ધર્મજ સાથે જાય છે. [૧]માટે ધર્મનું બહુમાં બહુ પરિશ્રમથી પરિપાલન કરવું.

જ્યાં સુધી પુરૂષો અને સ્ત્રીઓ આચાર[૨] વિચાર પાળતાં નથી

---

૧ नामुत्रहि सहायार्थं पिता माता च तिष्ठतः ।
न पुत्र दारा न ज्ञाति धर्मास्तिष्ठति केवलः ॥ मनुस्मृति ॥

ભાવાર્થઃ—પરલોકમાં સહાય કરવા માટે પિતા, માતા, પુત્ર, પત્ની કે નાત વિગેરે કોઈ પણ રહેતાં નથી; માત્ર એકલો ધર્મજ ત્યાં સહાય કરવા સારૂ સાથે રહે છે.

૨ आचारः परमोधर्मः, श्रुत्युक्तः स्मार्त एवच ।
तस्मादस्मिन्सदायुक्तो, नित्य स्यादात्म वान्द्विजः ॥
श्रुति स्मृत्युदितं सम्यक्, निबद्धं स्वेषु कर्मसु ।
धर्ममूलं निषेवेत, सदाचारमतन्द्रितः ॥
आचाराल्लभतेह्यायु, राचारादीप्सिताः प्रजाः ।
आचाराद्धनमक्षय्य माचारो हंत्य लक्षणम् ॥
दुराचारो हि पुरुषो, लोके भवति निंदितः ।
दुःख भागिच सततं, व्याधितोऽल्पा युरेव च ॥ मनुस्मृति ॥

ભાવાર્થઃ- -વેદમાં તથા શ્રુતિમાં આચાર એજ પરમધર્મ કહેલો છે માટે જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય પોતાના આત્માના હિતની ઈચ્છા રાખતા હોય તેમણે સર્વદા આચાર યુક્ત રહેવા યત્ન કરવો. વેદમાં તથા સ્મૃતિમાં શિષ્ટાચાર ઉત્તમ પ્રકારે કહેલો છે. તે ધર્મનું મૂળ છે, માટે આળસ્ય છોડી દઇ તેનું નિત્ય સેવન કરવું. સારા આચારથી આયુષ્ય વધે છે, સારા આચારથી મન માનતી પ્રજા થાય છે, સદાચારથી અક્ષય ધન મળે છે, અને અશુભ ફળ ઉપજાવનારાં દેહાદિમાં રહેલાં અપલક્ષણો જતાં રહે છે. દુરાચારી પુરૂષની લોકમાં નિંદા થાય છે, તે સર્વ કાળ દુઃખી રહે છે, વ્યાધિમાં પડયો રહી રીબાય છે અને તેનું આયુષ્ય પણ ટુંકું થાય છે.

ત્યાં સુધી, તે વાસ્તવિક રીતે મનુષ્યો છે એમ વિવેકી પુરૂષો કહી શકતા નથી, કારણ કે મનુષ્યોને પોતપોતાના વર્ણાશ્રમના ધર્મો પાળવાના પોતપોતાના વર્ણાશ્રમના શાસ્ત્રોથી આજ્ઞા થઇ હોય તે ન પળાય અને પશુ જેવાં કર્મો થાય તો પછી વિવેકી અને સત્યવક્તા મહા પુરૂષો એમને મનુષ્યના આકાર વાળા મનુષ્યો શિવાય બીજું વધારે કહી શકે એમ નથી.

સવારમાં ઉઠીને બીજાના ઘરમાં જઈ બીજાઓની નિંદા કરવાનો વખત મળે પરંતુ સ્નાન કરીને સંધ્યા કરવાનો આદર કે વખત મળે નહીં એના કરતાં બ્રાહ્મણોની પડતીનાં બીજાં કયાં કારણો જોઇએ છીએ ? અભક્ષ્યાભક્ષ્ય ખવાય, ગાંજો પીવાય, બીડીઓ પીવાય અને તમાકુના ફાકડા ભરાય એ કયા શાસ્ત્રમાં લખેલું છે ? અરે ! મહાસમર્થ ઋષિમુનિઓ કે જેમના ચરણ કમળમાં લક્ષ્મી સહીત વિષ્ણુ સાષ્ટાંગ પ્રણામ કરતા હતા તેના વંશજો ! ! તમારાં હૃદય ચક્ષુ ઉઘાડો અને તમારી દિનતા ભરેલી સ્થિતિને દૂર કરવા યત્ન કરો. તમારાં પોતાનાં ધર્મશાસ્ત્ર જુઓ, તેમાં વિશ્વાસ રાખો, સદાચરણનું અનુષ્ઠાન કરો, મિતાહારી રહો, મુખ્ય વૃત્તિ નિવૃત્તિ માર્ગની રાખો, ત્રણે કાળ સંધ્યા કરો, મન, વાણી અને કર્મથી બીજાનુ હિત ઇચ્છો, સત્ય બોલતાં શીખો, બીજાની વસ્તુ લેવાની બદ ધાનતથી દૂર રહો, મન, વાણી અને કર્મથી પારકી સ્ત્રીને દૂર કરો, શૂદ્રાદિકનું ભોજન લેવું બંધ કરો, મનથી તથા શરીરથી પવિત્રતા રાખો, જે મળે તેમાં સંતોષ રાખો, યથાશક્તિ શાસ્ત્રનું અધ્યયન કરો, ઇંદ્રિયોને વશમાં રાખતાં શીખો અને શ્રી ઇશ્વર ઉપર વિશુદ્ધ ભાવથી પ્રેમ રાખો ત્યાર પછી જુઓ કે તમારી સ્થિતિ કેવી થાય છે ?

હે આર્યો! * તમે તમારી જાતિને અને નામને શોભા મળે તેવાં કાર્યો કરો.

તમારા પૂર્વજો કે જેઓને ઋષિ મુનિઓ કહેવામાં આવે છે તે કોઈ નહીં પરંતુ તમારા જેવા તે બ્રાહ્મણોજ હતા અને જેઓ સ્વધર્મ પાલનથી, તપથી, યોગથી અને વેદાંત જ્ઞાનથી મહત્‌પણાને પામ્યા હતા જેમને વિદેહ કૈવલ્ય થએ હજારો વર્ષ વિતિ ગયાં છે તો પણ તેમના શુદ્ધ સંકલ્પથી તમે હજુ અન્ય ત્રિવર્ણમાં કંઇક માન મેળવી શકો છો. શ્રી ઉપમન્યુ, શ્રી માંડવ્ય, શ્રી અત્રિ, શ્રી વશિષ્ઠ અને શ્રી વૈશંપાયનાદિ ઋષિઓનાં ચરિત્રો સંભાળો. હાલતાં ચાલતાં અસત્ય બોલાઈ જવાય, પારકી સ્વરૂપવાન સ્ત્રીને જોઇ મન તથા અન્ય ઇંદ્રિયો તે તરફ દોડે, નખોદિયાં મેળવવાનો લોભ ઉપરા ઉપરી થાય, સંસારાસક્તિ જેમ ઉમ્મર જાય તેમ વધતી જાય, કૂળનું, દ્રવ્યનું અને વિદ્યાનું અભીમાન પૂર જોરથી આંખમાં અને છાતીમાં આવે, બીજાની ચઢતી સ્થિતિ આપણાથી સહન થઇ શકે નહિ, ડુંગળીનાં તેલમાં વઘારેલાં ઉનાં ઉનાં ભજીયાં જીભને પ્રિય લાગે, મોંમાં પાનનું બીડું રાખી પીવાની બીડીમાંથી ધુંવાડા કઢાય, ગાંજાની ચલમો વારો ફરતી એક બીજાના હાથમાં ફરે એ કેવા પ્રકારનું બ્રહ્મત્વ?

---

* "कर्तव्य माचरन्कार्यं मकर्तव्य मनाचरन् ।
तिष्ठति प्रकृताचारे स वा आर्य इतिस्मृतः ॥"
"वृत्तेन हि भवत्यार्यो न धनेन न विद्यया ॥"

ભાવાર્થઃ—કરવા યોગ્ય સ્વકર્તવ્યને આચરતાં છતાં અને નહિ આચરવા યોગ્ય અકર્તવ્યને નહિ કરતાં છતાં વાસ્તવિક સદાચારમાં જે સ્થિત છે તેજ આર્ય છે. ધન અને વિદ્યા વડે કોઈ આર્ય થઇ શકતું નથી.

પ્રિય બંધુઓ ? આવાં આચરણો જે જ્ઞાતિના મનુષ્યોમાંથી જેમ-નામાં હોય તેમણે તન મન અને ધનથી દૂર કરવાની જરૂર છે, કારણ કે હું બ્રાહ્મણ છું એમ બોલવાથી બ્રાહ્મણપણું આવી જતું નથી પરંતુ બ્રાહ્મણપણાને યોગ્ય લક્ષણો હોય તે સંપાદન કરી તે પ્રમાણે વર્તવાથી બ્રાહ્મણપણું સચવાય છે. ખરા બ્રાહ્મણ થવું તે દુર્લભ છે. બ્રાહ્મણ થવા તથા બ્રાહ્મણ કહેવરાવવા વિશ્વામિત્ર ઋષિને કેટલા હજાર વર્ષ સુધી ઇંદ્રિયોનું દમન કરી તપ કરવું પડયું હતું ? તેમજ તે ઋષિ ખરા બ્રાહ્મણ તો વશિષ્ઠ મુનિની અતિ તિવ્ર પરિક્ષાથી કહેવાયા હતા એ કોનાથી અજાણ્યું છે ? માટે ટુંકાણમાં એટલુંજ કહેવાનું કે દ્રવ્યથી કે બીજા પ્રવૃત્તિ માર્ગના ઉપચારોથી બ્રાહ્મણપણું સચવાતું નથી પરંતુ ગમે તે સ્થિતિમાં રહીને બ્રાહ્મણના ધર્મો પળાય તોજ બ્રાહ્મણપણું સચવાય છે.

આવી રીતે બ્રાહ્મણપણું સાચવવાને જે મહાશય શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ટ હોય તેનો આશ્રય ગ્રહણ કરવો અને જે શાસ્ત્ર જાણવાથી જીવની ઉત્તરોત્તર ચઢતી સ્થિતિ થાય તેવાં શાસ્ત્રોનું અધ્યયન કરવું જરૂરનું છે. હવે તમે વિચાર કરો કે ગમે તેટલી સભાઓ સ્થાપો પરંતુ ઉપલા દોષો તમારાથી દૂર નહીં થાય ત્યાં સુધી પારમાર્થીક સત્તા, તમે ધર્મ વિમૂખ હોવાથી સર્વત્ર વિજય પણ ન જ અપાવી શકે. માટે હે બંધુઓ ! તમારૂં પ્રથમ કાર્ય એ છે કે બ્રાહ્મણને કરવાનાં છ કર્મો છે તે તમે શીખો, કરો અને તમારા સુહૃદોને કરાવરાવો.

બીજું જે કાર્ય કરવાનું છે તે એ છે કે જ્ઞાતિમાં વિદ્યાવૃદ્ધિ થાય તેને માટે શા ઉપાય લેવા ? આ વિષય ખાસ કરીને લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. વિદ્યા એ સ્ત્રી અને પુરૂષોનું ત્રીજું લોચન છે, દ્રવ્ય ખૂટશે પરંતુ વિદ્યારૂપી ગુપ્ત ધન છે તે કોઇ પણ પ્રકારે ખૂટવાનું નથી.

વિદ્યા શરીરના સર્વે અંગોને શોભા આપે છે અને જ્યાં જ્યાં વિદ્વાન જાય ત્યાં ત્યાં તે માનને અને પૂજ્યપણાને પામે છે.

મહાપુરૂષો કહે છે કે હજાર અશિક્ષિત મનુષ્યો કરતાં એક ભણેલો માણસ શ્રેષ્ટ છે, તેવા હજાર ભણેલા કરતાં એક પોતાના વર્ણાશ્રમના ધર્મો પાળનાર શ્રેષ્ટ છે તેવા હજાર કરતાં સારાં લક્ષણોવાળો પોતાના વર્ણાશ્રમના ધર્મો પાળનારો અને શ્રોત્રીય શ્રેષ્ટ છે, તેવા હજાર શ્રોત્રીય કરતાં એક બ્રહ્મનિષ્ટ શ્રેષ્ટ છે અને તેવા હજાર બ્રહ્મનિષ્ટ કરતાં એક શ્રોત્રીય અને બ્રહ્મનિષ્ટ શ્રેષ્ટ છે. માટે વિદ્યાની વૃદ્ધિ થવા ઘણામાં ઘણો પ્રયત્ન કરવાની જરૂર છે. ચાલુ સમયમાં પાશ્ચિમાત્ય દેશની ભાષા જાણવામાં જ પોતે વિદ્વાન થઇ ચુકયા છે એમ સ્થૂળ દૃષ્ટિવાળાઓનું માનવું છે તે ભૂલ ભરેલું છે અને ફકત આ જીવીકાને માટે જ સર્વે મનુષ્યો તે વિદ્યાની ઉપાસના કરે છે એમ કહેવાય તો ખોટું નથી. કારણ કે આપણે જોઇએ છીએ કે બી. એ. કે એમ. એ. થયા પછી ઘણા માણસો ૧૨ થી તે ૪૦ રૂપીઆની કારકૂની કરતા અને કેટલાક અવલકારકૂન કે મામલતદાર થતા માલમ પડે છે.

ભલે તેઓ મામલતદાર થાય પરંતુ તે ઉદ્યમ ફક્ત, પોતાની આજીવીકા માટેજ છે. બીજા દેશની ભાષાનું જે ખરૂં તત્ત્વ તે તેઓનાથી કોનો સમજાતું ન હોય અથવા તો તે સમજીને તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે તેઓ જાણતા ન હોય! એમ ન હોય તો ઘણા રૂપીઆ ખર્ચીને અને જીંદગીનો અડધો ભાગ તે ભાષા શીખવા પાછળ વાપરીને આખરે પરિણામમાં સાધારણ કારકૂની કે મામલતદારી મેળવ્યા શિવાય વિશેષ બારિકીઓ તેઓએ શોધી કાઢીને આ દેશને કે અન્ય દેશવાળાને પોતાની બુદ્ધિનું તારતમ્ય ક્યાં બતાવેલું છે? હું એમ કહેવા નથી માગતો કે બધા ગ્રેજ્યુએટોએ પોતાની

બુદ્ધિને રોકી દીધી છે. આર્યોમાંથી કેટલાક એવા પણ વિદ્વાન થઇ ગએલા શ્રવણ થાય છે કે તેમનો બુદ્ધિ વૈભવ જોઇ અમેરિકાના અગ્રગણ્ય વિદ્વાનો તેમની પ્રસંશા કરે છે. કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે એવી રીતે ભણાવવા પ્રયત્ન થવો જોઇએ કે તે વિદ્યાથી પોતાનું સાર્થક થાય, અન્યનું સાર્થક થાય અને બીજા દેશવાળા પણ પ્રસન્ન રહે.

હવે વિદ્યાની કેવી રીતે વૃદ્ધિ કરવી તે વિચારાય છે.

એકલી પાશ્ચિમાત્ય દેશની વિદ્યાની વૃદ્ધિ કરવા કરતાં જો જ્ઞાતિમાં રાજ્ય ભાષાની, હુન્નરકળાની, ધાર્મિક વિષયોની અને સદાચરણની કેળવણી અપાય તો વિદ્યા વિશેષ અંગમાં ખીલી નિકળે એ નિઃસંશય છે. કારણ કે હાલનો સંસર્ગ એવા પૂર જોશમાં ફેલાયો છે કે યુવાવસ્થા પ્રાપ્ત થયા પેહેલાં ઘણા યુવકો આડે માર્ગે વહી ગએલા કેટલીક જ્ઞાતિઓમાં હોવાનો સંભવ છે; માટે રાજ્ય ભાષાની કેળવણી સાથે ધાર્મિક અને સદાચરણની કેળવણી અપાય તો યુવકોનાં ચંચળ થએલાં મન અને જુવાનીનું જોર ધીમે ધીમે શાંત પડતું જાય છે, અને બ્રાહ્મણપણું સચવાઇ આગળ ઉપર સારાં કાર્યો કરી શકે છે. આ વિદ્યા વૃદ્ધિને માટે નાતમાં મોટું ફંડ સ્થપાવવું જોઇએ. મોટું ફંડ ભેગું થયા શિવાય જોઇએ તેવું કાર્ય થઈ શકતું નથી માટે મોટું ફંડ સ્થપાવાની ખરેખરી જરૂર છે. આ ફંડમાં જ્ઞાતિ બંધુઓ પોતાની શક્તિ પ્રમાણે પ્રથમ સારી રકમ સભામાં આપે અને ત્યાર પછી વર્ષે વર્ષે પોતાની શક્તિ પ્રમાણેની રકમ આપવા ઉત્સાહ બતાવેતો સભાના પ્રમુખોથી બરોબર કાર્ય થઇ શકે. માણસનો જમણો હાથ ગમે તેટલો બળવાન હોય પરંતુ જો તેનો ડાબો હાથ જમણા હાથને મદદ ન કરે તો એકલા જમણા હાથથી શું થઇ શકવાનું હતું? તેવીજ રીતે સભાએ સ્થાપનારા પોતાની શક્તિ પ્રમાણે ગમે તેટલું વિવેચન કરે

પરંતુ તેમને જ્ઞાતિ તરફથી કોઇ પણ પ્રકારની મદદ ન મળે તો તેમનો ઉત્સાહ હોય તે પ્રમાણથી જોઇએ તેટલો આગળ વધી શકતો નથી એટલુંજ નહીં પરંતુ દ્રવ્યની મદદ વગર ઉત્તમ કાર્યો કરવાના જે રત્નમય વિચારો તેમના મગજમાં રમણ કરતા હોય તેમને દાબી દેવા પડે છે. માટે વિદ્યાની વૃદ્ધિ થવા એક મોટા ફંડની જરૂર છે. જો સારૂં ફંડ થાય તો ફંડના વ્યાજમાંથી દ્રવ્યનો નીચે પ્રમાણે વ્યય કરવો.

સર્વે બંધુઓને અનૂકુળ થઇ પડે એવા સાત્વિક વૃત્તિવાળા લત્તામાં આશરે સો સો માણસો બેશી શકે એવા બેખંડવાળું એક મકાન વ્યાજબી ભાડાથી રાખી તેમાંનો એક ભાગ ગુપ્ત વિદ્યા માટે અને એક ભાગ કેળવણી માટે નક્કી કરી ત્યાં દરેક જ્ઞાતિબંધુઓને આવવા સૂચના કરવી જોઇએ. ત્યાર પછી ત્યાં એકત્ર થવાનું શું પ્રયોજન છે તે દરેકને ટુંકમાં સમજાવી બધાની અનુમતિ લઇ સર્વદેશી એક શિક્ષક પોતાની જ્ઞાતિમાંથી અને તેમ ન બને તો બીજી જ્ઞાતિમાંથી રાખવો જોઇએ. પરંતુ થોડે ખર્ચે વધારે કામ કરી શકે એવો શિક્ષક જ્ઞાતિમાંથી મળી આવે તો વધારે ઉત્તમ ગણાય. આ શિક્ષક વ્યવહારિક તેમ જ પારમાર્થિક જ્ઞાનવાળો હોવો જોઇએ. ત્યાર પછી જ્યારે આ યોજના બરોબર પાર ઉતરે ત્યારે તેમાં શિખવવાના વિષયોમાં ફક્ત ગુજરાતી અને સંસ્કૃત એ બે ભાષા બરોબર શિખવવી જોઇએ અને પુરૂષોની પોતાના માતપીતા તરફની ફરજ, સ્ત્રી પ્રત્યેની, પુત્રો પ્રત્યેની, કુટુંબ પ્રત્યેની, સગાં સહોદર પ્રત્યેની, પાડોશીઓ પ્રત્યેની, જ્ઞાતિ પ્રત્યેની અને પોતાના દેશ પ્રત્યેની શી શી ફરજો છે તે કોમળ વાણીમાં સમજાવવું જોઇએ. પારકી નિંદાનો અને આંખો તેમ જ હાથના નકામા ચાળાનો જો તેમને મહાવરો પડયો હોય તો

યોગ્ય યુકિતથી દૂર કરાવવો જોઇએ, કારણ કે સદ્દગુણ હમેશાં માણસોને ઉન્નતિને ટેકરે ચડાવે છે અને તેનાથી વિપરીત દુર્ગુણ માણસોને નીચે ગબડાવે છે, કલંકિત ઠરાવે છે અને ઉભય લોકમાંથી ભ્રષ્ટ કરે છે. તમે ગમે તેટલી વિદ્યાઓ શીખો પરંતુ જ્યાં સુધી તમારામાં એક પણ દુર્ગુણ હશે તો તે વિદ્યાઓને તે દુર્ગુણ વિષ સમાન બનાવી મૂકશે માટે હૃદયમાં રહેલા દુર્ગુણોને દૂર કરવા જ્ઞાતિબંધુઓને ઉત્તમ શિક્ષણ આપવા તન, મન અને ધનથી તત્પર રહેવું જોઇએ. જો માણસનામાં સદ્દગુણ હશે તો તે ધારશે એટલી વિદ્યા ભણી શકશે એટલું જ નહિ પરંતુ સદ્‌વિદ્યા કે જેને બ્રહ્મવિદ્યા કહે છે અને જે વિદ્યા પ્રાપ્ત કર્યા પછી બીજી વિદ્યાની જરૂર રહેતી નથી તેવી સર્વોત્તમ બ્રહ્મવિદ્યા* પ્રયત્નથી પ્રાપ્ત કરી શકાશે.

---

* तद्यथेह कर्मजितोलोकः क्षीयत एवमेवा मुत्र पुण्यजितोलोकःक्षीयते तद्य इहाऽऽत्मान मननु विद्यव्रजन्त्ये ताँश्च सत्यान्कामाँस्तेषाँसर्वेषु लोकेष्व कामचारो भवत्यथ य इहाऽऽत्मान मनुविद्य व्रजन्त्ये ताँश्च सत्यान्कामाँस्तेषाँसर्वेषु लोकेषु कामचारोभवति ॥

श्रीसामवेदीय छांदोग्योपनिषत् ॥

અર્થઃ—તેમાં જે અહિં [સેવાદિ] કર્મ વડે સંપાદન કરેલો ભોગ નાશ પામે છે, તેમજ પર [લોક] માં પુણ્યવડે સંપાદન કરેલો ભોગ ક્ષીણ થાય છે. તેમાં જેઓ અહીં આત્માને નહિં જાણીને મૃત્યુ પામે છે, તથા [જેઓ પોતાના આત્મામાં રહેલા] આ સત્ય ભોગોને [નહિ અનુભવીને મરણ પામે છે] તેઓનું સર્વ ભોગોમાં અસ્વતંત્રપણું થાય છે, અને જેઓ અહિં આત્માનો અનુભવ કરીને મૃત્યુ પામે છે, તથા [જેઓ પોતાના આત્મામાં રહેલા] આ સત્ય ભોગોને (અનુભવીને મરે છે) તેઓની સર્વ ભોગોમાં સ્વતંત્રતા થાય છે.

વિદ્યાને માટે જેટલું લખાય તેટલું ઓછું છે પરંતુ લખવાની સાથે તે તે કાર્ય કરવાની યોજના પાર પડે તો ઠીક એમ ધારી ઉપલું ટુંકુંજ વિવેચન કરેલું છે.

ત્રીજું કાર્ય અયોગ્ય ધારાઓ દૂર કરવા માટેનું છે. આ કાર્ય માટે જ્ઞાતિબંધુઓએ વધારે શ્રમ લેવાનો છે. આપણી જ્ઞાતિમાં કેટલાક ધારા એવી સ્થિતિમાં પેસાડી દીધા છે કે તેવા ધારાઓને એકદમ હાંકી કાઢતાં દરેકને શ્રમ થતો હોય એમ લાગે છે એમ કેટલાક ગૃહસ્થોનું કહેવું થાય છે. યુવાન પુરૂષના મરણ પછી બારમુ કરવાનો, શ્રીમંતના વરાનો, અને લગ્ન પાછળ આંખો મીંચીને ખર્ચ કરવાનો વગેરે ભોજન સબંધી જે ધારાઓ પડી ગયા છે તે કાઢવા કે નહિ તે જ્ઞાતિના શેઠ અને પટેલીઆઓની મરજીની વાત છે. પરંતુ જો તેવા ધારાઓ છેક કાઢી નંખાય એમ ન હોય તો એટલું તો થવું જોઇએ કે ઘેર ગમે તે જાતનું ખર્ચ આવે તો પોતાની શક્તિ પ્રમાણે ખર્ચ કરે અર્થાત શક્તિ હોય તો કરે અને ન હોય તો ન કરે. આપણી જ્ઞાતિમાં કેટલાક ગૃહસ્થો એવી સ્થિતિમાં છે કે એકાદ ખર્ચ આવી જાય છે તો તેમને દેવું કરીને તે ખર્ચ કરવું પડે છે અને તે દેવું પતવતાં તેમની આખી જીંદગી જાય છે. આવા રિવાજને દેશવટો દઇને ન્યાત તરફથી એક એવો ઠરાવ કરવો જોઇએ કે જેથી કરી આગલા રિવાજોને અપમાન થએલું છે એમ પણ ન સમજાય અને ગરીબ માણુસ પડતી સ્થિતિમાં પણ ન આવે એટલુંજ નહીં પરંતુ નાતમાં થતા ફંડને અનુકુળ થઈ પડે. આ યોજના બીજી કોઇ નહિ પરંતુ જેના ઘેર ટાણું આવે તે ધરધણીની શક્તિ નાતને જમાડવાની ન હોય તો તે ફક્ત રૂ. ૨૫) નાતના ફંડમાં આપે. જો આમ થાય તો આખી નાતને ફાયદો થવા સંભવ છે. એક દિવસના વાળુમાં દ્રવ્યની મોટી રકમનો વ્યય થાય તેના કરતાં ટુંકી

રકમનો વ્યય કરાવરાવી ઉભયનું હિત સધાય એમ થાય તો વધારે હિતકારી ગણાય.

ભોજન સંબંધિ રિવાજોને દૂર કરતાં બીજા કેટલાક રિવાજો એવા છે કે જેથી તેવા રિવાજો તરફ દષ્ટિ કરતાં વિવેકી પુરૂષોને ગ્લાનિ ઉત્પન્ન થાય છે. આ રિવાજોમાં પેહેલો રિવાજ કન્યા વિક્રયનો છે. લગ્ન શા માટે કરવું તે વિચારને કોરાણે મૂકી દઇ સ્ત્રી પુરૂષનો હાથ એક કરવો એનેજ કેટલાક લોકો લગ્ન કરેલું સમજે છે. અસ્તુ! આટલું સમજીને પણ કન્યાના રૂપીઆ ન લેતા હોય તો ઠીક ગણાય. પરંતુ અફસોસ! કેટલાક પુરૂષોનાં અંતઃકરણ એવા મળ સંસ્કાર વાળાં હોય છે કે તેઓ કન્યા વિક્રય કરવામાં પાછળ પડતા નથી. તમે એક રૂપીયો લ્યો કે દશ હજાર રૂપીઆ લ્યો પરંતુ કન્યા નિમિત્તે તમે જે દ્રવ્ય લ્યો છો તે કન્યા વિક્રય તરીખેનુંજ દ્રવ્ય લ્યો છો. તમે મુસલમાનના ઘરનું અધોળ પાણી પીશો તો પણ વટલાશો અને શેર પાણી પીશો તો પણ વટલાશો, તેવી રીતે કન્યા આપવા નિમિત્તે તમે એક પાઈ લેશો તો પણ કન્યા વિક્રયીની ગણતરીમાં આવી જશો. કસાઇ લોકો જ્યારે મુએલા ઢોરનું માંસ વેચે છે ત્યારે કન્યા વિક્રયી બ્રાહ્મણો જીવતી કન્યાનું માંસ વેચે છે. અહો! શો પરિવર્ત્ત! બ્રાહ્મણકૂળમાં જ્યારે આવા અધમ ધંધા થવા માંડયા છે ત્યારે બીજી જાતિનું શું પૂછવું?

હે વસુંધરા! આવાં અઘોર કૃત્યોથી તારા ઉપર ઘણોજ ભાર વધી ગયો છે છતાં તું લોકોને અને વિશેષે તેવા અધમ કન્યા વિક્રયીને ધારણ કરી રહી છે એ ખરેખર તારી ક્ષમાનું ભૂષણ છે. આ કન્યા વિક્રયી જેવાજ વિચારો વળી કેટલીક જ્ઞાતિમાં ઉદ્‌ભવ્યા છે. કેટલાક માણસો કન્યાનો વિવાહ કર્યા પહેલાં સામા પક્ષવાળાને લખાણથી કે બીજી રીતે બાંધી લે છે કે મારી છોકરી માટે અમુક રૂપીઆ જૂદા

મૂકો, ઘરેણું જૂદું મૂકો અને ઘર લખી આપો તોજ હું મારી કન્યા આપું, કારણ કે કાલે ઉઠીને તમારૂં કદાચ અવળું થાય (તમે મરી જાઓ) તો મારી છોકરી બાજરી શેમાંથી ખાય? શરીરનો કંઇ ભરોસો છે? આવો રિવાજ પણ કન્યા વિક્રય જેવો અથવા તેના કરતાં વધારે ધિક્કારવા લાયક છે. કન્યા વિક્રયી રૂપીઆ લઇને આઘો ખસે છે પરંતુ આ અવિવેકી મનુષ્ય રૂપીઆ લઇને અને સામા માણસના મરણની ભવિષ્યની કાળોતરી લઇને ખૂશ થાય છે. મૂઆ પેહેલાં મોહોકાણ તે આનું નામ! હજુ તો કન્યાના વિવાહ પણ થયા નથી ત્યાં તો સામા માણસના શરીરનું પતન થયાની વાત કરી રૂપીઆ, ઘરેણું અને ઘર જૂદું મૂકાવરાવે છે. જ્યારે શરૂઆતમાંજ કન્યાનાં માબાપ આવો દુરાગ્રહ સેવે છે ત્યારે પોતાની દિકરીને તો સાસરામાં પણ કયાંથી રહેવા દે! વળી એવા સંશયી જીવોની દિકરીઓ પણ એવી પાકે છે કે દેશનો ઉતાર. સાસુ સસરો, દીયર જેઠ અને ધણીતો હિસાબમાં નહીં. પીએરથી સાસરામાં આવે ત્યારે છણછણાટ કરતી આવે અને બધાંને અદ્ધર ઉડાવે. વળી કોઇ એને શીખામણની વાત કહેવા જાય ત્યારે સામા માણસનું મોં તોડી લે અને લાગ ફાવે તો ધણી, જેઠ વિગેરે સામે કોર્ટમાં ફરિયાદ કરે. ધન્ય છે બ્રાહ્મણ કન્યાઓ તમારા આવા વર્તનને? આનું કારણ બીજું કંઇજ નહીં પરંતુ દ્રવ્ય લેવાના લોભથી તે લોકોનાં હૃદય શૂન્ય થઇ ગએલાં હોય છે, જેથી કરી સારાસારનો વિચાર તેમનામાં રહેતો નથી અને જેવા ગુણો તેમનામાં હોય છે તેવાજ તેમના સંતાનોમાં આવે છે. જ્યારે વસ્તુગતિ આવી છે ત્યારે તેવી કન્યાઓ પોતાના પતિની આજ્ઞાઓને પણ કેવી રીતે પાળતી હશે? કન્યાવિક્રયના રિવાજો જેવા ખરાબ છે તેવાજ રિવાજો વરવિક્રયના પણ છે. વર લોકો કે જેઓ પોતે ઉંચા કુળના

છે એમ માની બેઠા છે તે લોકો દ્રવ્યની લાલચે નાની ઉમ્મરમાં એક ઉપર બીજી અને બીજી ઉપર ત્રીજી એમ લાવતા હતા પરંતુ હમણાં કન્યાની અછતને લીધે તેવો જોશ નરમ પડી ગયો છે એ ઠીક ગણાય છે તો પણ હાલનો સમય જોતાં બીજા ગ્રહસ્થો ઉમ્મર લાયક થઇ ગયા છતાં કુંવારા રહ્યા છે અને કેટલાક પોતાને પટેલ હોવાનો મનમાં ફાંકો રાખનારા લાંબા સમયથી વિધુર થએલા માલમ પડે છે છતાં તેઓને પ્રયત્નથી પણ કન્યાઓ મળતી નથી તે જોઇ સખેદાશ્ચર્ય થાય છે. માટે કન્યાવિક્રય અને વર વિક્રયના દુષ્ટ રિવાજોને દૂર કઢાવી અન્ય ગામોમાંથી કન્યાઓ આવે એવા ઉપાય લેવા જોઇએ. હમેશાં શાંત, જીતેન્દ્રિય, પરોપકારી, સલવકતા અને સરલ મનુષ્ય દરેકને પ્રિય લાગે છે, તેવીજ રીતે આપણામાં ઉપલા ગુણો આવે તો બંધ થએલાં બારાં ઉઘડવામાં વાંધો આવે નહિ. પરંતુ સાહસિક વૃત્તિથી અને કૂળના મદમાં તણાઇ જવાથી જે કાર્ય કરવા વૃત્તિનો વેગ વધારાય તે કાર્ય કોઇ પણ કાળે થઇ શકે નહિ.

આ બંન્ને વિક્રયના અવલોકન પછી ત્રીજો રિવાજ સ્મશાને જવાના અને ઘેર ટાણું આવે શાક સમારવા જવા સંબંધી છે.

આજકાલ અધિકારી અને લાગતાવળગતા મનુષ્યોની શરમ દરેકને પડે છે, અને દરેક મનુષ્ય તેવે સ્થળે વગર બોલાવે પ્રસંગોપાત જાય છે, પરંતુ કોઇ ગરીબના ઘેર અથવા તો ધણી વગરની રાંડીરાંડના ઘેર ઘણાજ થોડા મનુષ્યો જાય છે જેથી ઘેર ટાણું આવે તે વખતે તેવાં નિરાધાર કુટુંબને શાક સમારવાનું કે તેવું બીજું કાર્ય બોચી ઉપર કાંકરો મૂકીને પોતાને હાથેજ કરવું પડે છે. ખરેખર! આવું સાહસ કરવાના એકલપેટા અને અવિચારી વિચારોને દૂર કરવા સંબંધી જ્ઞાતિબંધુઓએ બંદોબસ્ત બાંધવો જોઇએ. આવાં કાર્ય માટે

શ્રાવક તેમજ મુસલમાનોમાં પ્રસંશનિય ધારા છે, જે જ્ઞાતિબંધુઓએ મનન કરી અમલમાં મૂકવા યોગ્ય છે. જ્ઞાતિ બંધુઓનું ચોથું કાર્ય સ્ત્રી કેળવણી સબંધી છે.

કેટલાક મનુષ્યોનો એવો પોકાર છે કે સ્ત્રીઓને કેળવણી આપવાથી ખરાબ પરિણામ આવે છે, પરંતુ આવું અયોગ્ય ધારવું તે કેવળ ભૂલભરેલું છે. કારણ કે અભણ સ્ત્રીઓ જેટલું મન પોતાના કાબુમાં રાખી શકે છે, તેના કરતાં કેળવણી પામેલી સ્ત્રીઓ પોતાનું મન વધારે કાબુમાં રાખી શકે છે. એક પક્ષે એમ પણ સ્વિકારાય છે કે ઉપરક કેળવણી આપવાની રીતથી અને બીજા સંસર્ગ દોષથી કેટલીક સ્ત્રીઓ કેળવણીના નામ ઉપર કલંક લગાડનારી નીકળી હશે, તો પણ તે ઉપરથી એમ સિદ્ધ કરવાનું નથી કે કેળવણી આપવાથીજ સ્ત્રીઓ આડે માર્ગે જાય છે. જો શુભ કેળવણી અપાય તો પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે કાર્ય કરી શકે એમ છે. પરંતુ ઘણેખરે સ્થળે ધર્મવિમૂખ કેળવણી મળવાથી તેમનાથી કેટલાંક એવાં કાર્યો થતાં હશે કે જેથી ઉભય લોકથી ભ્રષ્ટ થવાનો તેમનો અનાચાર જોઇ લોકો તેમના તેવા વર્તનથી ઉશ્કેરાઈ ઉપલાં વચનો બોલતા હશે.

હાલમાં જે સ્ત્રી કેળવણી અપાય છે તેમાં ધાર્મિકબળ અને હૃદયબળ વધે એવી કેળવણી અપાય તો આગલા વખતમાં જે કાર્ય ઋષિપત્નિયો કરતી હતી તેજ કાર્ય આર્ય અબળાઓ કરી શકે.* સ્ત્રીઓને

---

* येनाहं नामृतास्यां किमहं तेन कुर्य्यांयदेव भगवान्वेद तदेव मेब्रूहि ॥ बृहदारण्यकश्रुति ॥

અર્થઃ--હે સ્વામિન્! પૃથ્વી–ધન વિગેરે સંપત્તિ કે જેનાથી હું અમૃતત્ત્વ પ્રાપ્ત ન કરી શકું તેનું મારે શું પ્રયોજન છે? મને તો આપ જે આત્મતત્ત્વ જાણોછો તેનોજ બોધ કરો. એમ શ્રીમૈત્રેયીએ પોતાના પતિ શ્રીયાજ્ઞવલ્કયમુનિ પ્રતિ કહ્યું છે.

પાળવાના ધર્મો એવા પ્રબળ છે કે તેનું શુદ્ધ મનથી પરિપાલન કરવાથી સ્ત્રીઓનાં મન વિકસીત થાય છે અને અલૌકીક કાર્ય તેમનાથી થઇ શકે છે.

સ્ત્રીઓ પ્રભૂની સ્થૂળ માયા છે જેઓ પોતાના ખરા સ્વરૂપને સમજી મૂળ તત્ત્વમાં વિરામ પામવાનો પ્રયત્ન કરવાનો ઉદ્દેશ સ્મરણમાં રાખી યોગ્ય કેળવણી લે, તો, તેવી સ્ત્રીઓ હિંદુસ્થાનનો ઉદ્ધાર કરવામાં શ્રેષ્ટ બાળાઓ તરીખે કેમ ન ગણાય? પરંતુ કેટલીક સ્ત્રીઓના મગજમાં એવાજ વિચારો પેશી ગએલા હોય છે કે ગુજરાતી છ ચોપડીઓ અને ઇંગ્રેજી આતમા ધોરણ સુધી અભ્યાસ કર્યો એટલે તેમણે જોઇતી કેળવણી લઇ લીધી. આવું સમજવું તે ભૂલ ભરેલું છે એટલુંજ નહીં પરંતુ તે સમજ તેમને અભીમાની બનાવી કર્તવ્યના પ્રદેશથી દૂર રાખે છે જેથી આવી સ્ત્રીઓ અભીમાનના ઉંડા ધરામાં પરેલી હોવાથી કર્તવ્યના ઉંચ પ્રદેશમાં આવી શકતી નથી. પુસ્તકોની કેળવણી સાથે ધર્મની અને મનને વશ કરવાની કેળવણીની ખાસ જરૂર છે તે દરેક સ્ત્રીએ વિસારવાનું નથી. આધ્યાત્મિક કેળવણીમાં પણ પોતાના પતિની આજ્ઞાઓને કેવી રીતે અનુસરવું તથા તેઓ કેવી રીતે પ્રસન્ન થાય તે ધ્યાનમાં રાખવાનું છે. કેળવણીનો અર્થેજ સ્પષ્ટ રીતે બોધે છે કે તનને તથા મનને કેળવવું તેને કેળવણી કહેવામાં આવે છે. જ્યારે સ્ત્રીઓ પુસ્તકોની જ કેળવણી લે પરંતુ કર્તવ્ય વિમૂખ રહે ત્યારે તેમણે વાસ્તવિક કેળવણી લીધી છે એમ કેમ મનાય? નજ મનાય. માટે સ્ત્રીઓએ કેળવણી લેતાની સાથે પોતાના શાશ્વા ધર્મો છે તથા મનને કેવી રીતે વશ વર્તાવાય તે શીખવાની પણ તસ્દી લેવી જોઇએ!!

બરોબર રસોઇ કરવાનું, પતિની દરેક આજ્ઞાઓને તાબે થવાનું,

સાસુ સસરાને માત પિતા સમાન ગણી તેમની દરેક આજ્ઞાઓને રીતસર શીરપર ચઢાવાનું, દિયર દેરાણી અને જેઠ જેઠાણી વિગેરે બણીના કર્તવ્યને જોવાનું પણ નજ ભૂલવું જોઇએ. વખત મળતાં વખતનો સારો ઉપયોગ કરવાનું મનને કેળવવું જોઇએ.

એક વખતે મહાસતી અનસુયા હાથમાં વેદનું પૂસ્તક લઇને આવતાં હતાં તે વખતે તેમને કોઇએ પૂછ્યું કે હે માતા? આપ ક્યાંથી આવો છો અને ક્યાં જાઓ છો? તેના ઉત્તરમાં શ્રીઅનસૂયાએ જવાબ આપ્યો કે હે ભાઇ? હું અમુક ઋષિ પાસેથી યોગનો વિધિ શીખી અમુક ઋષિ પાસે વેદ શીખવા જાઉંછું. અહો! સદ્ વિદ્યા તરફ એ પવિત્રતમ આર્યમાતાનો કેટલો બધો અનન્ય પ્રેમ? આવો અનન્ય પ્રેમ જ્યારે આર્ય બાળાઓનો અને આર્ય માતાઓનો સદ્ વિદ્યા તરફ પ્રકટે ત્યારેજ તેમણે યથાર્થ કેળવણી મેળવી છે એમ કહી શકાય.

હે બંધુઓ? તમે તમારી બાળાઓને સદ્દવિદ્યાની કેળવણી આપવા પ્રયત્ન કરો જેથી તેમનાથી ઉત્પન્ન થતી પ્રજા સર્વ ઠેકાણે વિજય પામશે.

જેમ દેવોએ અને અસુરોએ સમુદ્ર મંથન કરી તેમાંથી રત્નો કાઢ્યાં હતાં તેમ તમે પણ જ્ઞાતિ રૂપી સમુદ્રનું મંથન કરશો તો શુભ રત્નો કાઢી શકશો.

સભાના સેક્રેટરીઓ અને પ્રમુખોએ શુભ કીર્તિરૂપ અમૃત મેળવવા મેવાડા મહોદધિ મંથન કરવું જોઇએ. આ મંથનમાં પ્રેમ એ કૂર્મ છે, દ્રઢતા એ મંદરાચળ છે, કામ કરવાની આતુરતા એ વાસુકિ છે, નિષિદ્ધ વૃતિઓ એ અસુરો છે અને શુભ વૃત્તિઓ એ દેવો છે.

બન્ને પ્રકારની વૃત્તિઓ એક બીજાને હઠાવવા હમેશાં ઉદ્યમી છે. કીર્તિરૂપી અમૃત પ્રાપ્ત થતા પહેલાં પ્રયત્ન કરનારને બીજા કેટલાક લાભ પ્રાપ્ત થાય છે જે લાભને "રત્ન" એ નામથી ઓળખવામાં આવે છે. મેવાડા મહોદધિ મંથન એટલે મેવાડા જ્ઞાતિની ઉન્નતિ માટે કરવામાં આવતા પ્રયત્નનો આરંભ થયા પછી પ્રયત્ન કરનારને પ્રથમ રત્ન લક્ષ્મીનો એટલે સભાનું કાર્ય ટકી રહેવા જૂદા જૂદા ગ્રહસ્થો તરફથી દ્રવ્યનો અનાયાસે તેમજ પ્રયત્નથી લાભ થવા માંડે છે. પછી સમય જતાં તે પ્રયત્ન કરનારને બીજા રત્ન કૌસ્તુભનો એટલે કાર્ય કરવાના ઉમંગનો લાભ થાય છે. પછી તેને ત્રીજા રત્ન પારિજાતકનો એટલે નીતિથી કાર્ય કરવાની પ્રસંશનિય રીતથી નાતમાં વિસ્તાર પામતા યશનો લાભ થાય છે. ત્યાર પછી તેને ચોથા રત્ન સૂરાની એટલે કાર્યમાં કંઇક અંશે ફતેહ થવાથી ઉપજતા અભીમાનની પ્રાપ્તિ થાય છે. તે અભીમાનમાં વિષયી અને વ્યસની માણસો રચ્યા મચ્યા રહે છે અને તેનો ત્યાગ કરતા નથી પરંતુ વિચારવંત અને સદ્ગુણી મનુષ્યો તેની ઉપેક્ષા કરે છે. પછી તેને પાંચમા રત્ન ધન્વન્તરિનો એટલે ઉદ્યમી રહેવાથી મન અને તન ખીલવાથી શરીરના આરોગ્યના હેતુઓનો તેને લાભ થાય છે. પ્રશ્ચાત્ તે પ્રયત્ન કરનારને છઠ્ઠા રત્નચંદ્રમાનો એટલે કાર્ય કરવામાં આવતાં વિઘ્નો દૂર થવાથી તેના મનની કાંઇકઅંશે શાંતિનો લાભ થાય છે. ત્યાર પછી તેને સાતમા રત્ન કામદુર્ઘાનો એટલે તેમના મંડળના ધર્મકાર્યમાં કુશળ તેમજ પવિત્ર અંતઃકરણના મનુષ્યો અનાયાસે આવી મળે એવા તેમના પ્રબળ પ્રયત્નનો લાભ થાય છે. પશ્ચાત આઠમા રત્ન ઐરાવતનો એટલે પોતે અને પોતાનું મંડળ નિષિદ્ધકાર્યના સેવનથી ભય પામે એવા મનોબળનો લાભ થાય છે. પછી તેને નવમા રત્ન રંભાદિ અપ્સરાઓની

એટલે તેમનું ઉત્તમ કાર્ય જોઇ તે કાર્યમાં ભાગ લેવા ઇચ્છનાર સુ-શિક્ષિત કોમળ અંગવાળી સ્ત્રીઓના સામીપ્યની પ્રસંગોપાત્ત પ્રાપ્તિ થાય છે. પછી તેને દશમા રત્ન ઉચૈ:શ્રવાની એટલે લોકો શી શી વાતો કરે છે તે જાણી લેવાની પોતાના મંડળદ્વારાએ કે બીજી રીતે પ્રાપ્તિ થાય છે. પછી તે યત્ન કરનારને અગીઆરમા રત્નવિષની એટલે મનને ખોટું લાગે એવા અનુચિત શબ્દો અવિવેકી મનુષ્યો દ્વારાએ શ્રવણ કરવાની પ્રાપ્તિ થાય છે. પછી તેને બારમા રત્ન શાર્ઙ્ગની એટલે પ્રતિકૂળ પ્રસંગો પ્રયત્નથી દૂર કરવાના બળની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી તેને તેરમા રત્ન શંખનો એટલે કાર્ય કરતાં પ્રતિકૂળ પ્રસંગો આવતા હોય તેમને દૂર કરવાની કાર્યદક્ષતાનો લાભ થાય છે, અને છેવટે તેને ચૌદમા રત્ન અમૃતનો એટલે કાર્યમાં સફળ થવાથી તેને સર્વ તરફથી મળતી શુભ કીર્તિનો લાભ થાય છે.

આવી રીતે મેવાડા મહોદધિ મંથનનું કાર્ય અહીં પૂરૂં કરી કળિયુગના ચમત્કારોનું ટુંકાણમાં વર્ણન કરાય છે.

હે કળિયુગ? તારો મહિમા અપાર છે. પોતાનું બોલેલું પાળે તેને સજ્જન ગણવામાં આવે છે. તેં પણ તારૂં બોલેલું પાળવામાં પાછી પાની કરી નથી માટે તને સજ્જનની ઉપમા આપવી જોઇએ, પરંતુ સજ્જનોનો બોલ લોકોના હિતને માટે હોય છે, અને તારાં વચનો લોકોને ફસાવવાનાં છે.

તું શું નથી કરી શકતો? તું દરેક કાર્ય કરવાને શક્તિમાન છે. તારા વિચારો અને તારી રીતિ નીતિ તારી પાસેજ રહેવા દે તો વધારે સારૂં છે. બ્રાહ્મણોના બ્રહ્મત્વને, ક્ષત્રિઓના ક્ષત્રિયત્વને, વૈશ્યોના વૈશ્યપણાને અને શૂદ્રોના શૂદ્રપણાને જડમૂળમાંથી ઉખેડનાર તુંજ છે.

બ્રાહ્મણ સંધ્યાદિ નિત્ય કર્મ કરવા બેઠા હોય વા ધ્યાનમાં બેઠા

હોય તે વખતે તેમના મનમાં અસંખ્ય નિષિદ્ધ વિહિત વીચારો લાવનાર તુંજ છે.

કોઇ અતિશૂદ્ર પશુઓનો વધ કરતો હોય કે માછલાં પકડતો હોય તે કાર્ય કોઇ ક્ષત્રિયના જોવામાં આવે તો પણ દીઠું ન દીઠું કરીને તેવા ક્ષત્રિયને જતો કરનાર તુંજ છે.

પશુપાલન અને વ્યાપારમાં નીતિથી પતન કરનાર વૈશ્યોનો વાલેસરી તુંજ છે એમ કહેવાય તો ખોટું નથી, અને શૂદ્રોને "અમે બ્રાહ્મણ છીએ" એમ બોલાવનાર તુંજ છે.

ધણીને રખડતો મૂકી બીજા સાથે પ્રેમ જોડનાર અધમ સ્ત્રીઓનો રક્ષક ખરેખર તુંજ હોવો જોઇએ. તારા સામ્રાજયમાં લોકો કેટલા દુઃખી છે તથા ધર્મથી કેટલા ભ્રષ્ટ થયા છે તે તરફ દૃષ્ટિ કર.

બ્રાહ્મણો પવિત્ર ભોજન કરવું મૂકી દઇ હોટલમાં અભક્ષ્યાભક્ષ્ય તથા અપેયાપાન કરતા હોય તો તે તારો ચમત્કાર ઓછો નથી.

બ્રાહ્મણના મુખમાંથી શુદ્ધ અને પ્રિયવાણી નીકળવી જોઇએ તેના બદલામાં બીભત્સ શબ્દો નીકળે અને ધુંવાડાના ગોટા નીકળે એવો તેમનો કઢંગો દેખાવ ખરેખર તારા પ્રતાપથીજ થાય છે.

ત્રિવર્ણ પોતાના ધર્મ શાસ્ત્રોના વચનોમાં હડતાળ મારી ત્રિવર્ણી એટલે વ્યસની, વિષયી, અને વિશ્વાસઘાતી થઇ જાય એ કેવી દયાજનક સ્થિતિ?

હે કળિયુગ! કેટલાક બ્રાહ્મણો શૂદ્રાણી કે મુસલમાની તરફ દૃષ્ટિ કરી લોકમાં વગોવાતા હોય તો તેમની સહાય કરવી એ તારૂં પ્રથમ કાર્ય છે એમ સમજી તેવા નીચા રસ્તા તરફ જતા તેમના પ્રબળ વેગને રોકવા તુંજ સમર્થ છે.

મુમુક્ષુ થવું તે તારા રાજ્યમાં દુર્લભ છે પરંતુ વ્યસની અને વિષય લંપટ થવું તે સેહેલું છે એમ સમજીને કેટલાક અવિવેકી મનુષ્યો સહેલો રસ્તો પસંદ કરી લે છે એ તારા રાજ્યમાં ઓછું શરમ ભરેલું નથી.

તું મા દિકરીને, ભાઇ બાપને અને સ્ત્રી પુરૂષને માંહોમાંહે કલહ કરાવરાવે છે એ તારી ચતુરાઇ ઓછી પ્રસંશનીય નથી.

કોઇ કોઇ પ્રસંગોમાં તું સ્ત્રી પુરૂષોનાં જોડાં એવા ખરાબ સબંધથી મેળવી આપે છે કે તેઓને આખી જીંદગીમાં બનાવ થાયજ નહિ. આવું કાર્ય કરતાં તું જરા પણ દયા લાવતો નથી એ જોઇ વિવેકીઓ તારી કપટ ભરેલી રીતને મૂછમાં હસે છે.

તારા રાજ્યમાં બાપે દિકરી તરફ, ભાઇએ બેહેન તરફ, ફુવાએ ભત્રિજી તરફ, કાકાજીએ ભત્રિજાની વહુ તરફ, દિયેરે ભાભી તરફ અને પુત્રે યુવાન ઓરમાન મા તરફ કુદૃષ્ટિ કર્યાના દાખલા કોઇ બતાવે તો તે અસંભવિત લાગે નહિ, કારણ કે તારી જાળમાં ફસાએલા જે કરવા ધારે તે કરી શકે એમ છે.

મંડળમાં, પાડોશી પાડોશીના ઘરમાં, સ્મશાનમાં કે એવી બાજી જગ્યામાં એકઠા થએલા પુરૂષો સારા વિષયને કે વૈરાગ્યના વિષયને ચર્ચાવાની રીતને તિલાંજલી દઈ અન્યની નિંદા કરવા પ્રવૃત્ત થાયે અને સમયનું મૂલ સમજે નહિ એ કેવા પ્રકારનું આર્યપણું છે એ તારી છાયાના પ્રબળ દબાણથી સહજમાં સમજી શકાય એમ નથી.

હે ત્રણે યુગના કનિષ્ટ બંધુ કળિયુગ! તારો મહિમા ગાવાને આ વખતે કોઇની બુદ્ધિ ચાલે એમ નથી. તું એકલા પુરૂષોને તેમના ધર્મોથી વિમુખ કરતો નથી પરંતુ સ્ત્રીઓને પણ તેમના ધર્મોથી ભ્રષ્ટ કરી બેહેકાવી દે છે.

પોતે આર્યબાળા છતાં અન્ય પુરૂષોને પોતાનો જમણો હાથ આપી બીજાના મલીન પરમાણુઓને પોતાના શરીરમાં ઘુસાવી દેનાર કેળવણીનું અભીમાન ધરાવનારી શુષ્ક હૃદયની સ્ત્રીઓને સારે રસ્તે ચડાવતાં તને બ્રહ્માંડનું જોર પડતું હોય એમ પ્રતીત થાય છે.

પોતાના પતિને વશ કરવા માટે પ્રિય અને હિતકરવાણી, પતિવ્રતા ધર્મ, અને નિરંતર ઉદ્યમીપણું એ શુભગુણો છે તેવા ઉત્તમ ગુણોનો અનાદર કરી પતિને વશ કરવા જોશી, ભૂવા અને અન્યનો આશ્રમ લેનારી કુલાંગાર સ્ત્રીઓની મતિને ભ્રષ્ટ કરનાર તું ન હોય તો તારૂં ગાન સર્વે સજ્જનો કરે એમ છે.

હે કળિયુગ! સામી દૃષ્ટિ કર. કેળવણીમાં શીખરે પોહોંચેલી પેલી સ્ત્રી બધામાં ઉપરથી સમભાવ રાખીને પોતાનો હાથ દરેકને આપે છે જેની મદદથી પોતાને તેમજ પોતાના પતિને ચારે પુરૂષાર્થ મળે છે એમ સમજી બંન્ને દંપતિ કેવાં પ્રસન્ન રહે છે? પ્રિય! આ કેવા પ્રકારનો સમભાવ અને પતિવ્રત પણું!

હે કળિ? કેટલીક સ્ત્રીઓ કાળા દોરામાં રૂપાનું કે ત્રાંબાનું માદળીયું પરોવીને તેમાં કોઇએ મંત્રેલી ચીઠી કે ઔષધી નાંખે છે અને તે માદળીયાને જો તેનો પતિ જોશે તો તેને વશ થશે એવી ધારણાથી તે માદળીયાંને અહો રાત્રી પોતાની ડોકમાં લબડતું રાખે છે અને પતિને વશ કરવાના પ્રયત્નો કરે છે.

કેટલીક ઉંચ વર્ણની સ્ત્રીઓ શૂદ્રની સ્ત્રીઓની શેવા ઉમંગભેર કરે છે અને દ્રવ્યની લાલચે રાત્રે તેના ઘેર પણ સૂઇ જાય છે. અફસોસ! કેવો અનાચાર!!

કન્યાનું લગ્ન કરવા માટે દ્રવ્યની લાલચે એક વર પાસેથી હજારો રૂપીઆ લઇને બીજો વર તેના કરતાં વધારે દ્રવ્ય આપવા તૈયાર થવાથી પેહેલા વરને તોરણે આવેલો પાછો કાઢનાર, પોતાની જા-

તને કલંક લગાડનાર સ્ત્રીઓને આવા કાર્યોમાં હિંમત આપનાર તું ન હોય તો સ્ત્રીઓમાં આવા પ્રપંચો કયાંથી આવે ?

સ્ત્રીઓ પોતાના પીએરમાં હોય ત્યારે શરીરે નિરોગી રહે અને સાસરે જવાનો સમય થતાં જવર આવે તે પણ આ સમયમાં સ્ત્રીઓનું ખરેખરૂં પતિવ્રતપણું સચવાવનાર તુંજ છે.

હે કળિ ! તારા મહિમાનું કેટલું ગાન કરૂં ? સ્ત્રીઓને કામદેવ જેવો અને વિદ્વાન પતિ મળ્યા છતાં તેવા ધણી તરફ તિરસ્કારની દૃષ્ટિથી જોઇ નીચમાં નીચ જાતિના મનુષ્ય સાથે તેઓ પ્રીતિ બાંધે છે એટલુંજ નહીં પરંતુ તે પ્રીતિ કાયમ રાખવા બીજી તરેહની યાદગીરીની વસ્તુઓ એકબીજાને મોકલે છે એ ખરેખર તારા રાજ્યમાં નિષ્કલંકિત કાયદો હોય એમ વૈરાગ્યવાન પુરૂષોને પ્રતીત થતું નથી

તેં સર્વેને એક કરી નાંખ્યા છે, તે ઉપરથી એમ જણાય છે કે ભેદ બુદ્ધી તને પસંદ પડતી નથી. એમ ન હોય તો કેટલાક ઉત્તમકુળના પુરૂષો નાત જાતનું અભીમાન ત્યજીને વિરૂદ્ધ આચરણ કરેજ નહીં.

હે કળિયુગ ! વિધવાઓના ગર્ભ પાડયાના અને તેમને પુત્ર પ્રસવ થયાના સમાચાર તું જાણતો હોય તો તે હકીકત બીજાને જણાવી તેમનાં હૃદય ધબકાવીશ નહિ. જો આવા ચમત્કાર બનતા હોય તો તેના જેવા બીજા ચમત્કારો અનંત હોવા જોઇએ. પરંતુ એવા ચમત્કારોનું વર્ણન અત્યારે કરવાનો સમય નથી એમ સમજી આટલેથી વિરામ પમાય છે, માટે કૃપા કરી દરેક આર્યબંધુઓ પોત પોતાના વર્ણાશ્રમના ધર્મ પાળે, દરેક આર્ય બાળાઓ અને માતાઓ ઉત્તમ સતીઓ થઈ પવિત્ર અંતઃકરણના બાળકોને જન્મ આપી તેવાં અંતઃકરણ સદૈવ ઇશ્વરાભિમુખ રહે એમ મનોબળ આપવા કૃપા કરજે.

ઇતિશિવમ્.

જ્ઞાતિ બંધુઓને વિજ્ઞપ્તિ.

રાગ—જનુની જીવોરે ગોપીચંદની.

પ્રિયતમ બંધુઓ સૂણજો, અલ્પમતિનો આ જલ્પજી;
[1]માત્રો યુવક શીરતાજ છો, વદું હ્રદયથી અલ્પજી. પ્રિયતમ. ૧.
સનાતન ધર્મ જાગ્રત કરો, કટી કસીને મમ વીરજી;
મિથ્યા પ્રપંચ કરો વેગળો, ધારી અતિશય ધીરજી. પ્રિયતમ. ૨.
બ્રાહ્મણના જે ધર્મ છે, દયા ક્ષમા સમભાવજી;
જપ તપ સંધ્યાને જ્ઞાન જે, તેનો દિસે છે અભાવજી. પ્રિયતમ. ૩.
સ્મરો ઋષિ મુનિયોની આજ્ઞાઓ, ત્યજી નિષિદ્ધ વિચારજી;
અનીતિ અનાચાર ત્યાગીને, કરો શુભ અંગીકારજી. પ્રિયતમ. ૪.
અંગિરા ગૌતમને ઋષિ, ભારદ્વાજ પ્રસિદ્ધજી;
યોગતણા બળે બંધુઓ, પામ્યા સિદ્ધ નવનિધજી. પ્રિયતમ. ૫.
તેવા ઋષિયોના સંતાન છો, વિચારો પ્રિયઉરજી;
બંધુત્વ ભાવ જાગ્રત કરો, ફેંકી દયો દર્પ દૂરજી. પ્રિયતમ. ૬.
કોણ છું ને કયાંથી આવીઓ, શું છે અહીં મમ કામજી;
સત્ય કયું છે આ વિશ્વમાં, કયાં છે ગંતવ્ય ધામજી. પ્રિયતમ. ૭
પ્રકટાવો આવા વિચારને, હ્રદય મંદિરની માંયજી;
કાર્યમાં દક્ષ રહો સદા, નિરખો દ્રષ્ટિ જ્યાં ત્યાંયજી. પ્રિયતમ. ૮
દૈવી સંપતિને મેળવી, કાઢો અસુરને બાહારજી;
વર્ણાશ્રમના ધર્મ પાળતાં, થાશે સ્હાય વિશ્વાધારજી. પ્રિયતમ. ૯
વિવેકથી વિશ્વમાં વર્તજો, કરજો જ્ઞાતિનું કલ્યાણજી;
આર્યતણા શુભ નામને, પામી થાઓ જ્ઞાનવાનજી. પ્રિયતમ. ૧૦

---

૧. મેવાડા મીત્રમંડળ અને મેવાડા યુવક સભાના સાંથાના મુગટ છો.